**સી.સી. નં : ૭૩૦૭/૨૦૨૫**

## <u>આંક ૧ હેઠળ હુકમ</u>

ફરીયાદીની હાલની પુરસીસ તેમજ કેસનો રેકર્ડ વંચાણે લીધો. તેમજ તેમના વિ. વ. શ્રીને સાંભળ્યા. સબબ કામના ફરીયાદપક્ષ ઉપરોક્ત જણાવેલ કામના અરજદાર છે અને તેઓએ હાલના કામના આરોપી નાઓએ સામે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ ઍકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે. પરંતુ ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ જતા, હાલના કામના ફરીયાદપક્ષ વતી તેમના વિ. વ. શ્રી. અદાલત સમક્ષ હાજર રહી હાલની પુરસીસ રજુ કરી કેસ સમાધાન પાછો ખેચવા રજુઆત કરેલ છે.

ફરીયાદીની સબબ પુરસીસ સંબંધે તેઓને પુછ–પરછ કરતા, તેઓ જણાવે છે કે, તેઓ અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ, હાલની પુરસીસ તેઓએ કોઈ પણ પ્રકારના જોર દબાણ, અથવા લોભ લાલચ વગર, પોતાની મુક્ત સંમતિથી આજ રોજ અદાલત સમક્ષ રજુ કરેલ છે. સબબ કામે આરોપી સામે ફરીયાદી પક્ષ દ્વારા ખાનગી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે જે તહોમત પુરતો આરોપી સામે પ્રોસેસ કાઢવાનો હુકમ અદાલત દ્વારા કરવામાં આવેલ છે તે તહોમત ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ ઍકટની કલમ ૧૪૭ હેઠળ સીધે સમાધાન પત્ર છે.

ઉપરોક્ત તમામ હકીકતો જોતા, ફરીયાદીની હાલની પુરસીસ ગ્રાહ્ય રાખવી ન્યાયોચિત જણાતુ હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### <u>હુકમ</u>

- ફરીયાદીની હાલની પુરસીસ ગ્રાહ્ય રાખવામાં આવે છે.
- હાલના કામે ફરીયાદપક્ષને હાલના આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોઈ, હાલના કેસની કાર્યવાહી સમાધાનથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને હાલના કામના આરોપીનાઓને ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ ઍકટની કલમ ૧૩૮ ના ગુનામાંથી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ ઍકટની કલમ ૧૪૭ વંચાણે લેતા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- સબબ હુકમની નોંધ આંક – ૦૧ નીચે કરવી.

હુકમ આજ તા.૧૧, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવીજાહેર કર્યો.

**તા.૧૧.૦૭.૨૦૨૬**
**સ્થળ – વાપી**

**(કે. એસ. સોની)**
**એડી.જ્યુ.મેજી.ફ.ક.**
**વાપી**
**જજ કોડ – જી. જે. ૦૧૬૪૯**